# શ્રી ઝાલાવાડ મૂર્તિપૂજક જૈન સેવા સમાજ ટ્રસ્ટ


• પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટી •
શ્રી હસમુખભાઈ ન્યાલચંદ વોરા
• ટ્રસ્ટીશ્રીઓ •
શ્રી પ્રવીણભાઈ આત્મારામ શાહ
શ્રી મધુકરભાઈ જગજીવનદાસ ડગલી
શ્રી સંજયભાઈ ભરતભાઈ કોઠારી (ઉપપ્રમુખ)
શ્રી પંકજકુમાર મનસુખલાલ બાવિશી (ટ્રસ્ટી અને તંત્રી)
પિયુષભાઈ રતીલાલ બાવિશી
• મંત્રી •
શ્રી યોગેશભાઈ રસિકલાલ કોઠારી
શ્રી ફાલ્ગુનભાઈ સૂર્યકાન્તભાઈ દફતરી
શ્રી ધનેશભાઈ પ્રવીણભાઈ શાહ
• ખજાનચી •
શ્રી સુધીરભાઈ સુરેશચંદ્ર શાહ
• સહ ખજાનચી •
શ્રી દીપેનભાઈ હસુભાઈ શાહ

(૧) શિક્ષણ વિભાગ - ૧ (૧) ભાવિનભાઈ મહેન્દ્રકુમાર શાહ
(૨) ધર્મેશભાઈ નટવરલાલ શાહ
(૨) શિક્ષણ વિભાગ - ૨ (૧) હિતેષભાઈ શરદભાઈ શાહ
(૩) સાધર્મિક વિભાગ (૧) અલ્પેશભાઈ ભરતભાઈ કોઠારી
(૨) હેમંતભાઈ રોહિતભાઈ પરીખ
(૪) મેડિકલ વિભાગ (૧) ફાલ્ગુનભાઈ સૂર્યકાન્તભાઈ દફતરી
(૨) અતુલભાઈ પ્રવીણભાઈ શાહ
(૫) મેઈન્ટેનન્સ + ધાર્મિક (૧) પિયુષભાઈ રતિલાલ બાવિશી
(૨) ધનેશભાઈ પ્રવીણકુમાર શાહ
(૬) પ્રવાસ વિભાગ (૧) કલ્પેશભાઈ ચંદુલાલ શાહ
(૨) અલ્પેશભાઈ મહેન્દ્રભાઈ શાહ
(૭) મેરેજબ્યૂરો - યુવામેળો (૧) મેહુલભાઈ ચીનુભાઈ મહેતા
(૨) હસમુખલાલ કાન્તિલાલ શાહ
(૮) સમૂહ લગ્ન વિભાગ (૧) કિશોરભાઈ બાબુલાલ શાહ
(૨) ઋષભભાઈ વિપીનભાઈ શાહ
(૯) આઈ. ટી. વિભાગ (૧) મનીષભાઈ શશીકાન્તભાઈ શાહ
(૨) ચેતનભાઈ મગનલાલ શાહ
(સંપાદક)
(૧૦) પ્રોગ્રામ - તપસ્વી (૧) નયનભાઈ રમણિકલાલ શાહ
(૨) દિલીપભાઈ કાન્તિલાલ ડગલી
(૧૧) સભ્યોના લાભાર્થે (૧) કેતનભાઈ રમણલાલ શાહ
વિવિધ યોજના અમલીકરણ
કો-ઓપ્ટ. (૧) ઉદયભાઈ એચ. વોરા


## સાધર્મિક ભક્તિ

૫૦ વર્ષ પહેલાની ઘટના છે. સુરતમાં વિધવા મા અને એકનો એક દિકરો રહે. ઘણા સુરતીઓ મુંબઈ જઈ બે પાંદડે થઈ ગયેલા. મા કહે બેટા રજની, તું પણ મુંબઈ જઈ નસીબ અજમાવી જો. દીકરો કહે : મા, મનેય મુંબઈ જવાના ઘણા કોડ છે. પણ, મુંબઈનું ભાડું દસ રૂપિયા થાય. એનો જોગ ક્યાં છે ?

મા એ પણ જોયું કે દીકરાની વાત સાચી છે. ઘરની બધી પરચૂરણ ભેગી કરે તોય સરવાળો દસ રૂપિયા ન જ થાય. પણ, એ ખાનદાન નારીનો વ્યવહાર શુદ્ધ હતો. પડોશીના ત્યાંથી ઉછીના લાવી દસ રૂપિયા દિકરાના હાથમાં મૂક્યા. થેલીમાં બે જોડી કપડાં નાખી રજની તૈયાર થઈ ગયો. મુંબઈ જવા માતાના પગમાં પડી આશીર્વાદ માંગ્યાં. માએ અંતરના આશીર્વાદ તો આપ્યા જ પણ બાજુમાં આવેલા ઉપાશ્રયમાં રજનીને લઈ ગયા.

સાધ્વીજી રત્નપ્રભાજીને કહ્યું : મારો રજની મુંબઈ નોકરી-ધંધા માટે જાય છે. એને માંગલિક સંભળાવો, હિતશિક્ષા આપો. સાધ્વીજીએ માંગલિક સંભળાવ્યું. દેશાવરમાં ધર્મ આરાધના ચૂકવી નહીં. એ સમજાવ્યું. રાત્રિભોજનનો ત્યાગ રાખવાનો, અને રોજ એક બાંધી માળા ગણવાનો નિયમ આપ્યો અને કહ્યું પહેલો પગાર જે આવે તે સાધાર્મિક ભક્તિમાં વાપરજે. પોચી ભૂમિમાં પાણી ઉતરી જાય તેમ રજનીના હૃદયમાં સાધ્વીજી મ.સા.ની ત્રણેય વાત વસી ગઈ. ત્રણે બાબત પાળવાની વાત સ્વીકારી મુંબઈ માટે પ્રયાણ કર્યું. થોડા દિવસમાં જ નોકરી તો મળી ગઈ. પણ પગાર તો મહિનાના અંતે જ મળે ? એટલે પહેલા મહિનાના ત્રીસ દિવસમાં પંદર આયંબીલ કર્યા પંદર દિવસ ચણા ફાકીને વીતાવ્યા. મહિનાનો પહેલો પગાર હાથમાં આવ્યો ત્યારે એણે શેઠને વિનંતી કરી મને દસ રૂપિયા ઉછીના આપો. આવતાં મહિને પગારમાંથી કપાવી દઈશ. પણ, પૂરો પગાર તો આપ્યો, હવે દસ રૂપિયા શા માટે ? પહેલો પગાર સાધાર્મિક ભક્તિમાં વાપરવાનો નિયમ છે એટલે...

શેઠ તો હબક ખાઈ ગયા ! આવી સ્થિતીમાંય આને સાધાર્મિકભક્તિ સૂઝે છે. મને નથી સૂજતી. આવો સાધાર્મિક ક્યાંથી મળે ? જો સાંભળ, શેઠે કહ્યું : કાલથી તારે મારે ઘેર જ જમવાનું છે. સાધાર્મિક ભક્તિ મારે પણ કરવી છે.... પછી તો શેઠના ત્યાં જમવાનું ચાલું થયું. ઘર જેવો સંબંધ બંધાયો શેઠે પણ એને આગળ વધાર્યો. શેત્રુંજયનો અભિષેક કરાવી ભારતમાં 'રજની દેવડી' નામને મશહૂર કરી એ જ રાત્રે બહુમાન સમારંભમાંથી ચીર વિદાય લેનાર 'રજની દેવડી'ની અંતિમ ઈચ્છા પ્રવજ્યા લેવાની હતી તે અધુરી રહી ગઈ !... સાધાર્મિક ભક્તિ માટે વધુ લખવાની જરૂર છે ખરી. સમાજનો સાદ પડે તો ઝોળી છલકાવી દો.

# કારોબારીની બેઠકનો અહેવાલ

આજરોજ તા. ૧૯-૦૮-૨૦૧૯ને સોમવારે રાત્રે ૮-૩૦ કલાકે સર્યુ-હસુ ઝાલાવાડ સાંસ્કૃતિક ભવન, ચંદ્રનગર ખાતે સમાજની કારોબારીની બેઠક મળેલ, સમાજના પ્રમુખશ્રી હસમુખભાઈ એન. વોરા નાદુરસ્ત તબિયતના કારણે રજા લઈ જાણ કરી ગેરહાજર હોવાથી આજની બેઠકનું પ્રમુખસ્થાન લેવા માટે ઉપપ્રમુખશ્રી સંજયભાઈ ભરતભાઈ કોઠારીના નામની દરખાસ્ત મંત્રીશ્રી યોગેશભાઈ કોઠારી દ્વારા કરવામાં આવી અને પંકજભાઈ એમ. બાવિશી દ્વારા આ દરખાસ્તને ટેકો આપવામાં આવતા બેઠકનું પ્રમુખસ્થાન શ્રી સંજયભાઈ કોઠારીએ સંભાળેલ. તેમની અનુમતીથી કાર્યસૂચિ ઉપરના મુદ્દાઓની ચર્ચા-વિચારણા કર્યા બાદ જે નિર્ણય / ઠરાવ કરવામાં આવ્યા તેની નોંધ નીચે પ્રમાણે છે.

**બાબત-૧** : ગત મિટીંગ તા. ૧૯-૦૭-૨૦૧૯ના રોજ મળેલ તેની મિનિટ્સનું વાંચન.

**ઠરાવ-૧** : ગત તા. ૧૯-૦૭-૨૦૧૯ના રોજ મળેલ મિટીંગમાં કરવામાં આવેલ નિર્ણય / ઠરાવનું વાંચન મંત્રીશ્રી યોગેશભાઈ કોઠારી દ્વારા કરવામાં આવ્યું. આ નોંધમાં કોઈ પ્રકારનો સુધારો-વધારો ન હોવાથી આ નોંધને સર્વાનુમતે પસાર કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

**બાબત-૨** : તા. ૨૮-૦૭-૨૦૧૯ના રોજ યોજાયેલ યુવામેળાની સમીક્ષા.

**ઠરાવ-૨** : તા. ૨૮-૦૭-૨૦૧૯ના રોજ યોજાયેલ યુવામેળાની સમીક્ષા બાબતે મેરેજબ્યુરો અને યુવામેળાના કન્વીનર શ્રી હસમુખભાઈ કે. શાહ આ બેઠકમાં ગેરહાજર હોવાથી અને તેમની વિનંતીથી આ એજન્ડા આવતી મિટીંગમાં લેવાનું કહેવડાવતા આ એજન્ડા આવતી મિટીંગ સુધી મુલત્વી રાખવાનું આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**બાબત-૩** : પર્યુષણપર્વ નિમિત્તે સાધર્મિક કુટુંબોને વિનામૂલ્યે વસ્તુઓનું વિતરણ કરવા બાબત.

**ઠરાવ-૩** : સાધર્મિક પ્રવૃત્તિ સંભાળતા શ્રી અલ્પેશભાઈ કોઠારી અને શ્રી હેમંતભાઈ પરીખે જણાવ્યું કે પર્યુષણપર્વ ઉપર સાધર્મિક પરિવારને વિનામૂલ્યે ચીજ-વસ્તુનું વિતરણ તા. ૨૩-૦૮-૨૦૧૯ને શુક્રવારના રોજ બપોરના ૩-૦૦ કલાકે કરવામાં આવનાર છે. આ સમગ્ર પ્રોજેક્ટ આશરે બે લાખનો થશે તેના માટે દાતાઓ પાસેથી દાન મેળવવાની પ્રક્રિયા ચાલુ છે અને આ પ્રોજેક્ટના નાણાં આવી જશે તેવી અપેક્ષા છે. આ અહેવાલને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**બાબત-૪** : દિવાળી પછી સમાજના સભ્યો માટે કચ્છ-ભદ્રેશ્વરનો પ્રોગ્રામ યોજવા બાબત.

**ઠરાવ-૪** : યાત્રા-પ્રવાસ વિભાગ સંભાળતા શ્રી કલ્પેશભાઈ શાહ અને અલ્પેશભાઈ શાહે જણાવ્યું કે આગામી દિવાળી પછી તા. ૩૦-૧૦-૧૯ની રાત્રે ૪ દિવસનો કચ્છ-ભદ્રેશ્વરનો યાત્રા-પ્રવાસ યોજવામાં આવનાર છે. જે તા. ૩૧-૧૦ થી ૦૩-૧૧-૨૦૧૯ (ગુરૂ, શુક્ર, શનિ, રવિ) સુધીનો રહેશે. યાત્રિક દીઠ રૂા. ૩,૦૦૦નો દર રાખવામાં આવશે. ગેસ્ટના રૂા. ૩,૫૦૦/- રાખવામાં આવનાર છે. આ અંગેની વિસ્તૃત માહિતી હવે પછીના સમાજ દર્પણમાં આપવામાં આવશે.

**બાબત-૫** : ઝાલાવાડ યુવક મંડળ આયોજિત મેડીકલ કેમ્પ યોજવા બાબત.

**ઠરાવ-૫** : ઝાલાવાડ યુવક મંડળ આયોજિત અને ઝાલાવાડ મેડીકલ કમિટીના પૂર્ણ સહયોગથી તા. ૧૫-૦૯-૨૦૧૯ના રોજ એક મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવનાર છે. આ અંગેની માહિતી આપતાં શ્રી ફાલ્ગુનભાઈ દફતરી અને શ્રી અતુલભાઈ પી. શાહે જણાવ્યું કે આ મેડીકલ કેમ્પ કરવા માટે આઈ.ડી.એફ.સી. બેંક તરફથી આપણને આ દરખાસ્ત મળેલ છે. જેમાં આંખ, કાન, નાક, ગળુ, ઓર્થોપેડીક, ગાયનેકોલોજી, બી.એમ.આઈ., બી.એમ.ડી., ડાયાબિટીસ વગેરેની તપાસ વિનામૂલ્યે કરવામાં આવશે. ફક્ત રૂા. ૫૦/- રજિસ્ટ્રેશન ફીના વ્યક્તિદીઠ રાખેલ છે. આ માહિતી સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

**બાબત-૬** : સમાજના આર્થિક રીતે નબળા કુટુંબ (સાધાર્મિક) અને એકાકી વિધવા બેનના કુટુંબોના સર્વે કરવા બાબત.

**ઠરાવ-૬** : સમાજના આર્થિક રીતે નબળા કુટુંબ (સાધાર્મિક) અને એકાકી વિધવા બેનના કુટુંબના સર્વે કરવા માટેની વિગતમાં મંત્રીશ્રી યોગેશભાઈ કોઠારીએ જણાવ્યું કે ઘણા સમયથી સાધાર્મિક કુટુંબોનો સર્વે કરાવવામાં આવ્યો નથી અને દરેક સમયે એક જ કુટુંબને મદદ કરવામાં આવે છે. હાલના સમયમાં જે પરિવાર આર્થિક રીતે મજબૂત થયો હોય તેના નામ કમી થાય તો બાકીના પરિવારને વધુ સારી રીતે મદદ કરી શકાય. આ બાબતે પ્રમુખશ્રી સંજયભાઈ કોઠારીએ જણાવ્યું કે, કુટુંબોનો સર્વે ત્રાહિત પાસે કરાવવામાં આવે તો જ સાચું પરિણામ મળી શકશે. આ વ્યવસ્થામાં હું મદદરૂપ થઈશ. આથી આ અંગેની ચર્ચા-વિચારણા બાદ આ જવાબદારી શ્રી સંજયભાઈ કોઠારીને સોંપવાનું ઠરાવવામાં આવે છે.

બાબત-૭ : સાધર્મિક કુટુંબના ધોરણ ૧ થી ૧૨માં અભ્યાસ કરતા બાળકોને ટ્યુશન ફીમાં મદદ કરવા બાબત.

ઠરાવ-૭ : મંત્રીશ્રી યોગેશભાઈ કોઠારીએ જણાવ્યું કે સાધર્મિક કુટુંબના ધો. ૧ થી ૧૨માં અભ્યાસ કરતા બાળકોને ટ્યુશન ફી માટે ગત વર્ષે ભરેલ ફીના ટકાવારી પ્રમાણે ફીમાં સહાય આપવામાં આવેલ હતી, ચાલુ વર્ષે સાધાર્મિક કુટુંબના બાળકોની ભરેલી ફીની માહિતી મંગાવવામાં આવેલ છે. જે માહિતી આવ્યેથી કોને કેટલી સહાય ફીમાં કરવી છે તે બાબતે ગત વર્ષની માફક કે.એસ.સી.કે. ટ્રસ્ટના પ્રમુખશ્રી સાથે ચર્ચા-વિચારણા કરી નિર્ણય કરવામાં આવશે. આ માહિતીને સર્વાનુમતે પસાર કરવામાં આવે છે.

બાબત-૮ : સરકારની (લઘુમતીઅને અન્ય) યોજનાઓના લાભ સમાજના સભ્યોને મળી શકે તે માટે કમિટી અને કન્વીનર બનાવવા બાબત.

ઠરાવ-૮ : આ બાબતે માહિતી આપતાં મંત્રી યોગેશભાઈ કોઠારીએ જણાવ્યું કે સમાજના કેટલાક સેવાભાવી કાર્યકરો સરકારની વિવિધ યોજનાઓના લાભ સમાજના સભ્યો મેળવી શકે તે માટે ફૉર્મ આપવા, અને તે ભરવા માટે માર્ગદર્શન આપી રહ્યા છે, અને જરૂર પડે ફોર્મને મંજુર કરાવવાની પ્રક્રિયામાં તેઓ મદદ કરે છે. અલગ-અલગ યોજનાઓ લાંબા સમય માટે ચલાવાતી હોવાથી આ અંગે એક કમિટી અને તેના કન્વીનર નિમવાની જરૂરીયાત છે. ચર્ચા-વિચારણાને અંતે આ કમિટીના કન્વિનર પદે કારોબારી સભ્ય શ્રી કેતનભાઈ આર. શાહની નિયુક્તિ કરવામાં આવી અને આ કાર્યમાં સેવા આપતા શ્રી વી. કે. શાહ અને શ્રી અશ્વીનભાઈ અને નોટરીના વગેરેના કાર્યમાં મદદરૂપ થતા બેનશ્રી વિશાબેન અને એડવોકેટ શ્રી વિપુલભાઈ શાહ આ કમિટીમાં કાર્ય કરશે. રસ ધરાવતા સૌ કોઈ કમિટીના કન્વીનર શ્રી કેતનભાઈ આર. શાહનો સંપર્ક કરી શકે છે. આ બાબતને સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

બાબત-૯ : ઝાલાવાડ સમાજના બંધારણ મુજબ કારોબારીમાંથી ૨ ટ્રસ્ટી, હોદ્દેદારો અને ટ્રસ્ટીઓની ખાલી પડેલ જગ્યા ભરવા બાબત.

ઠરાવ-૯ : મંત્રીશ્રી યોગેશભાઈ કોઠારીએ જણાવ્યું કે ઝાલાવાડ સમાજના બંધારણ મુજબ કારોબારી સભ્યમાંથી ખાલી જગ્યાઓ ભરવા માટે ટ્રસ્ટીશ્રી મધુકરભાઈ ડગલીએ આ બાબતને એજન્ડામાં સામેલ કરવા જણાવેલ છે. આથી આજની આ બેઠકમાં ખાલી જગ્યા ભરવા માટે પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે.

(૧) કારોબારી સભ્યોમાંથી ૨ કારોબારી સભ્યોની ટ્રસ્ટી મંડળમાં નિમણૂક કરવા બાબતે ચર્ચા-વિચારણા થતા અનુક્રમે (૧) પંકજભાઈ એમ. બાવિશી (૨) પિયુષભાઈ આર. બાવિશી, (૩) નયનભાઈ આર. શાહ અને (૪) ધનેશભાઈ પી. શાહના નામની કારોબારી સભ્યોએ ભલામણ કરી. જેમાંથી ક્રમ નં. ૩ના શ્રી નયનભાઈ આર. શાહએ પોતાનું નામ પાછું ખેંચી લીધું અને ક્રમ નં. ૪ના શ્રી ધનેશભાઈ પી. શાહને સભ્યોએ સમજાવતા તેમણે પણ પોતાનું નામ પાછું ખેંચી લેતાં ક્રમ નં. ૧ પંકજભાઈ એમ. બાવિશી અને ક્રમ નં. ૨ પિયુષભાઈ આર. બાવિશી એમ બે જ નામ બાકી રહેતા અને ટ્રસ્ટીની ૨ જગ્યાઓ ભરવાની હોવાથી કારોબારી સભ્યોએ સર્વાનુમતે આ બન્ને કારોબારી સભ્યોની ટ્રસ્ટીમંડળમાં બિનહરીફ નિમણૂક થયાનું જાહેર કર્યું.

(૨) સમાજમાં ત્રણ મંત્રીઓની જગ્યાઓ છે. તેમાં હાલમાં એક મંત્રી તરીકે શ્રી યોગેશભાઈ આર. કોઠારી પોતાની સેવા આપી રહ્યા છે. અન્ય બે મંત્રીઓની જગ્યા ખાલી છે. આ ખાલી બે મંત્રીઓની જગ્યાએ ઉપર અનુક્રમે (૧) ફાલ્ગુનભાઈ એસ. દફતરી (૨) ધનેશભાઈ પી. શાહ અને (૩) મેહુલભાઈ સી. મહેતા એમ કુલ ૩ નામની ભલામણ કારોબારી સભ્યો દ્વારા કરવામાં આવી. આ બાબતે ચર્ચા થતા શ્રી મેહુલભાઈના ધર્મપત્નીનું તાજેતરમાં અવસાન થયેલ હોવાથી અને તેમને સમયની અનુકૂળતા ન હોવાને કારણે તેથી તેમને હાલમાં કોઈપણ પ્રકારે ડિસ્ટર્બ ન કરવા તેવો બધાએ મત દર્શાવ્યો. આથી બાકી રહેલ ક્રમ નં. (૧) ફાલ્ગુનભાઈ એસ. દફતરી અને (૨) ધનેશભાઈ પી. શાહની મંત્રીપદે નિમણૂંક કરવાનું આથી સર્વાનુમતે ઠરાવવમાં આવે છે.

(૩) સમાજમાં ચૂંટાયેલા / નિયુક્તિ પામેલ ટ્રસ્ટીઓની મુદ્દત પાંચ વર્ષ માટેની હોય છે. અત્યારની પરિસ્થિતિ પ્રમાણે ટ્રસ્ટીશ્રી પ્રવીણભાઈ એમ. શાહ (એબીસી)નુ દુઃખદ અવસાન થયેલ હોવાથી આ જગ્યા ખાલી છે. તેમજ અન્ય બે ટ્રસ્ટીઓની મુદ્દત પૂર્ણ થયેલ છે તે જગ્યા પણ ભરવાની થાય. આમ આ ખાલી જગ્યા ભરવાની પ્રક્રિયા રૂપે આપણા સમાજના મુખપત્ર શ્રી ઝાલાવાડ સમાજ દર્પણમાં જાહેરાત આપવી અને સમાજના સુખી-સંપન્ન, સ્થાયી મિલકત ધરાવતા પ્રતિષ્ઠિત સભ્યો પાસેથી ટ્રસ્ટીની જગ્યા માટે તેમના સંપૂર્ણ બાયોડેટાવાળી અરજી મંગાવવા અપીલ કરવી. સમાજના બંધારણ પ્રમાણે નિવૃત્ત થતા સભ્યો પ્રક્રિયા પૂર્ણ કરે તો ફરી નિમણૂંકને પાત્ર બને છે.

બાબત-૧૦ : મેરેજબ્યુરોના કન્વીનરશ્રી હસમુખભાઈ કે. શાહ દ્વારા કન્વીનરપદેથી આપેલા રાજીનામા બાબત.

ઠરાવ-૧૦ : મંત્રીશ્રી યોગેશભાઈ કોઠારીએ જણાવ્યું કે, મેરેજબ્યુરોના કન્વીનર શ્રી હસમુખભાઈ કે. શાહએ કન્વીનરપદેથી રાજીનામાનો પત્ર આપેલ છે. પરંતુ તેઓ આજની મિટીંગમાં રજા લઈને ગેરહાજર હોવાથી આ બાબતને આવતી મિટીંગમાં લઈ જવાનું હું સૂચન કરું છું. હાજર રહેલા તમામ સભ્યોએ આ બાબતે ટેકો આપતા આ બાબત આવતી મિટીંગમાં લઈ જવાનું આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

બાબત-૧૧ : નવા સભ્ય, રસોડું અલગ અને નામ ટ્રાન્સફર કરાવવા આવેલ અરજીની મંજુરી બાબત.

ઠરાવ-૧૧ : આજની બેઠક પહેલા નવા સભ્ય બનવા માટે, અલગ રસોડું થવાથી અને નામ ટ્રાન્સફરના આવેલ ફોર્મની ચકાસણી બાદ નીચેના ફોર્મ મંજુર કરવામાં આવે છે.

બાબત-૧૨ : પ્રમુખસ્થાનેથી અથવા તેમની મંજુરીથી જે રજૂ થાય તે.

(૧) અલ્પેશભાઈ એમ. શાહે જણાવ્યું કે, કે.એસ.સી.કે. ટ્રસ્ટની વાડીના વહિવટ માટે પ્રોફેશનલ માણસની નિમણૂક કરવાની વાત થયેલ તે બાબતે હજુ કંઈ થયેલ નથી.

(૨) શ્રી ફાલ્ગુનભાઈ દફતરીએ જણાવ્યું કે, શ્રી ઝાલાવાડ સમાજ અને કે.એસ.સી.કે. ટ્રસ્ટ વચ્ચે વાડી બાબતે થયેલા એમ.ઓ.યુ.ની નકલ મેં અવાર-નવાર માંગવા છતાં હજી સુધી મને મળેલ નથી.

(૩) શ્રી અતુલભાઈ પી. શાહે જણાવ્યું કે, ભવનના ચોથે માળે રહેતા વિદ્યાર્થીઓ માટે તેજ માળે પીવાના પાણીની વ્યવસ્થા કરવા માટે યોગ્ય કાર્યવાહી હાથ ધરાય તેવી વિનંતી છે.

(૪) ટ્રસ્ટીશ્રી મધુકરભાઈ ડગલીએ જણાવ્યું કે, સમાજ દર્પણ વિભાગમાં આ પહેલા સંપાદકની પોસ્ટ હતી જે હાલમાં ખાલી છે. આથી ચર્ચા-વિચારણા બાદ સંપાદકની જગ્યા ઉપર કારોબારી સભ્ય શ્રી ચેતનભાઈ એમ. શાહની નિમણૂંક સર્વાનુમતે કરવામાં આવી.

(૫) ટ્રસ્ટીશ્રી મધુકરભાઈ ડગલીએ જણાવ્યું કે શ્રી ઝાલાવાડ સમાજની વેબસાઈટ ચાલુ કરવાની પ્રક્રિયા હાલ અધુરી છે. જે તાકીદે પૂરી કરવા માટે આઈ.ટી. વિભાગ સંભાળતા મનીષભાઈ એસ. શાહ અને ચેતનભાઈ એસ. શાહની સાથે ઉપપ્રમુખ શ્રી સંજયભાઈ કોઠારી પાસે આવા કામની આગવી સૂઝ છે. તેમની રાહબરી નીચે આ કામ ઝડપથી પૂર્ણ કરવા તેમજ જો કોઈ અન્ય સભ્યોને આ કામમાં રસ હોય તો તે જોડાઈ શકે છે. આ સમયે શ્રી ફાલ્ગુનભાઈ દફતરીએ પોતાનું નામ જોઈન્ટ કરવા જણાવ્યું. આથી ઉપપ્રમુખશ્રી સંજયભાઈ કોઠારીની દેખરેખ હેઠળ આ ત્રણ સભ્યોએ વેબસાઈટ ઓનલાઇન કરવાનું કામ તાકીદે પૂર્ણ કરવુ અને આ કામમાં જરૂરી ખર્ચ કરવાની સત્તા ઉપપ્રમુખશ્રી સંજયભાઈ કોઠારીને આપવામાં આવે છે.

કાર્યસૂચિ પરના કામ પૂરા થયેલા હોવાથી આજની આ કારોબારીની બેઠક પૂર્ણ થયેલી જાહેર કરવામાં આવી.

## ટ્રસ્ટીઓની જગ્યા ભરવા બાબત

સમાજમાં ચૂંટાયેલા / નિયુક્તિ પામેલ ટ્રસ્ટીઓની મુદત પાંચ વર્ષ માટેની હોય છે. અત્યારની પરિસ્થિતિ પ્રમાણે ટ્રસ્ટીશ્રી પ્રવીણભાઈ એમ. શાહ (એબીસી)નુ દુઃખદ અવસાન થયેલ હોવાથી આ જગ્યા ખાલી છે. તેમજ અન્ય બે ટ્રસ્ટીઓની મુદત પૂર્ણ થયેલ છે તે જગ્યા પણ ભરવાની થાય. ટ્રસ્ટીઓની મુદત ૫ વર્ષની હોય છે. કારોબારની બેઠકમાં કરવામાં આવેલ ઠરાવ પ્રમાણે આ ખાલી જગ્યા ભરવાની પ્રક્રિયા રૂપે સમાજના સુખી-સંપન્ન, સ્થાયી મિલકત ધરાવતા પ્રતિષ્ઠિત સભ્યો પાસેથી ટ્રસ્ટીની જગ્યા માટે તેમના સંપૂર્ણ બાયોડેટાવાળી અરજી મંગાવવા માટે અપીલ કરવામાં આવે છે. સમાજના બંધારણ પ્રમાણે નિવૃત્ત થતા સભ્યો પ્રક્રિયા પૂર્ણ કરે તો ફરી નિમણૂંકને પાત્ર બને છે. આપની દરખાસ્ત તા. ૨૫-૧૦-૨૦૧૯ સુધીમાં સમાજની ઓફિસ પર બંધ કવરમાં મોકલી આપવી. કવર ઉપર મંત્રીશ્રીનું સબોધન કરીને મોકલવું તથા કવરની ડાબી બાજુએ આપનું નામ, સરનામું અને મોબાઈલ નંબર અવશ્ય લખવો. કવરની ઉપરની સાઈડે ટ્રસ્ટીઓની જગ્યા માટેની દરખાસ્ત એમ અવશ્ય લખવું.

-- **યોગેશભાઈ આર. કોઠારી (મંત્રી)**

# સમાજનો ૪૩મો સમૂહ લગ્નોત્સવ

શ્રી ઝાલાવાડ મૂર્તિપૂજક જૈન સેવા સમાજ ટ્રસ્ટ તથા શ્રીમતી કમળાબેન શાંતિલાલ ચુનીલાલ કપાસી પ્રેરિત
શ્રી ઝાલાવાડ સર્વ કલ્યાણ સાર્વજનીક ટ્રસ્ટ આયોજિત

## જૈન સમાજના સમસ્ત ફીરકાઓને આવરી લેતો ૪૨મો સમૂહ લગ્નોત્સવ

**સંવત ૨૦૭૬ માગસર સુદ-૧૫ (પુનમ) તા. ૧૨-૧૨-૨૦૧૯, ગુરુવાર**

આ પ્રસંગના દાતાશ્રીઓ ચુડા નિવાસી (હાલ મુંબઈ) શેઠશ્રી શાંતિલાલ ચુનીલાલ કપાસી પરિવારના સભ્યો
શ્રી પરેશભાઈ સેવંતીભાઈ શાંતિલાલ કપાસી, શ્રી ઈન્દુભાઈ શાંતિલાલ કપાસી, શ્રી પંકજભાઈ ધીરૂભાઈ કપાસી

**સ્થળ : હવે પછીના અંકમાં છાપવામાં આવશે.**

**ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ : ૨૫-૧૧-૨૦૧૯ (વહેલા તે પહેલાના ધોરણે)**

સમૂહ લગ્નમાં નામ નોંધાવવા આવો ત્યારે નીચે જણાવેલ બાબત પ્રત્યે આપનું ખાસ ધ્યાન દોરવામાં આવે છે.

૧. કન્યા પક્ષ અથવા વર પક્ષવાળામાંથી કોઈપણ એક આપણાં ઝાલાવાડ સમાજના સભ્ય હોય તો રજિસ્ટ્રેશન પેટે રૂા. ૭૫૧/- બંને પક્ષ તરફથી થઈને કુલ રૂા. ૧૫૦૨/-.
૨. કન્યા પક્ષ અથવા વર પક્ષવાળામાંથી કોઈપણ આપણાં સનાજના સભ્ય ન હોય અને બહારના જૈન સમાજના કોઈપણ ઘોળના હોય તો રજિસ્ટ્રેશન પેટે રૂા. ૨૦૦૧/- બંને તરફના થઈને કુલ રૂા. ૪૦૦૨.
૩. બંને પક્ષને અલગ અલગ રીતે જમવાના ૫ + ૫ ફ્રી આપવામાં આવશે. વધારાના પાસ દીઠ રૂા. ૧૪૦/- લેવામાં આવશે.
૪. બંને પક્ષને અલગ અલગ રીતે ૨૫ + ૨૫ કંકોત્રી ફ્રી આપવામાં આવશે. વધારાની કંકોત્રી માટે નંગ દીઠ રૂા. ૨૦/- લેવામાં આવશે.
૫. રજિસ્ટ્રેશન કરાવવા આવો ત્યારે બંને પક્ષના પ્રતિનિધિઓ તથા વર અને કન્યાએ અવશ્ય હાજરી આપવાની રહેશે.
૬. વર તથા કન્યાના લિવિંગ સર્ટિફિકેટ/જન્મ તારીખનું ઓરિજનલ સર્ટિફિકેટ અને તેની પ્રામાણિત કરેલી ઝેરોક્ષ કોપી સાથે લાવવાની રહેશે.
૭. વર અને કન્યા બંને પક્ષના પાસપોર્ટ સાઈઝના બે-બે રંગીન ફોટોગ્રાફ સાથે લાવવાના રહેશે.

**યોગેશભાઈ આર. કોઠારી** (મંત્રી) * **કિશોરભાઈ બી. શાહ – ઋષભભાઈ વી. શાહ – પંકજભાઈ એમ. બાવિશી (ટ્રસ્ટી)** (સમુહલગ્ન કમિટી)

**આ સમૂહ લગ્નમાં આશરે ૧૦ જેટલા કપલો જોડશે તેવી ગણત્રી છે.**

## ૪૩માં સમૂહ લગ્નમાં આપવામાં આવનાર ભેટની યાદી

| ક્રમ | ભેટનું નામ | ક્રમ | ભેટનું નામ |
|---|---|---|---|
| ૧. | પાનેતર | ૧૨. | સ્ટીલનો ગોળ ડબ્બો (રોટલી/ખાખરા મુકવા) |
| ૨. | ઘરચોળું | ૧૩. | કેશ રોલ નંગ-૧ |
| ૩. | સફારી સુટ (કાપડ) | ૧૪. | ૪ તપેલીનો સેટ (છીબા સાથે) |
| ૪. | ફીલીપ્સ બ્લાઈન્ડર | ૧૫. | સ્ટીલનો બુફે સેટ-૧ |
| ૫. | આણાની બેગ | ૧૬. | પૂજાની જોડ |
| ૬. | મોલ્ડેડ ખુરશી નંગ-૨ | ૧૭. | કટાસણું, ચરવળો, નવકાર વાળી ભગવાનનો ફોટો ફ્રેમ |
| ૭. | સ્ટીલની નળી | | |
| ૮. | કુકર | ૧૮. | મા-માટલાની મીઠાઈ-૧ કીલો |
| ૯. | સ્ટીલનો ગોળ મસાલા ડબ્બો + સ્ટીલનો જગ + સ્ટીલના બાઉલ્સ નંગ-૩ | ૧૯. | હેન્ડ બેગ |
| | | ૨૦. | વૉટર જંગ |
| ૧૦. | હોટ એન્ડ કોલ્ડ ટિફીન તથા ચ્હા-ખાંડના સ્ટીલના ડબ્બા-૨ કિલો-૧ સાકર, લીલો રેજો-૧. | ૨૧. | સ્ટીલનો તાસ-૧ |
| | | ૨૨. | વૉલ ક્લોક |
| | | ૨૩. | સુતરના દડા |
| ૧૧. | સ્ટીલનું ડોલચું + કંકાવટી + બુફે સેટ-૪, ડીશ-૪, વાટકી-૪, ગ્લાસ-૪, ચમચી-૪ | ૨૪. | કન્યા માટેની 'લેડીઝ કીટ' |
| | | ૨૫. | કન્યાઓ માટે ડ્રેસ મટીરિયલ |

# ✚ સાર્વજનિક દવાખાનાની સપ્ટેમ્બર - ૨૦૧૯ / ભાદરવા માસની તિથિના દાતાઓનો આભાર ✚

સમાજના સર્વે સભ્યશ્રીઓને જણાવવાનું કે આપણાં સમાજ દ્વારા રાહત દરથી દવાખાનું ચલાવવામાં આવે છે. કોઈપણ જ્ઞાતિ કે જાતિના ભેદભાવ વગર દરેક જરૂરિયાતમંદ લોકો આ સેવા યજ્ઞનો લાભ લઈ રહ્યાં છે. આ દવાખાનાના ખર્ચ અંગે સમાજ દ્વારા રોજના રૂા. ૫,૦૦૦ની એક તિથિ પ્રમાણે (હાલ રૂા. ૭૫૦૦) આર્થિક સહયોગ આપવાની અપીલના જવાબમાં સમાજના સભ્યશ્રીઓનો તથા અન્ય મહાનુભાવોનો સારો એવો સહયોગ મળેલ છે. સરયુ-હસુ ઝાલાવાડ સાંસ્કૃતિક ભવનની બાજુની જગ્યામાં સાર્વજનિક દવાખાનું તા. ૦૧-૦૬-૨૦૧૭થી શરૂ કરી દેવામાં આવેલ છે. આપને ત્યાં આવતા સારા-માઠા પ્રસંગોએ જરૂરથી સાર્વજનિક દવાખાનાની એક તિથિ પેટે રૂા. ૭,૫૦૦ આપી લાભ લેવા વિનંતી. તિથિની રકમના વ્યાજમાંથી દવા અને જરૂર પડે તો ઈન્જેક્શન આપવામાં આવે છે.

| તારીખ | દાતાનું નામ | વિગત | ક્રમાંક |
|---|---|---|---|
| સપ્ટેમ્બર-૦૧ | (૧) ડૉ. હાર્દિક વિપિનકુમાર બાવિશી | પી.એચ.ડીની ડીગ્રી મળતા | ૦૧ |
| સપ્ટેમ્બર-૦૨ | (૧) વિનુભાઈ શાન્તિલાલ શાહ | જન્મદિવસ નિમિત્તે | ૦૨ |
| સપ્ટેમ્બર-૦૪ | (૧) સ્વ. ગુણવંતલાલ બુધાલાલ શાહ | પુણ્યતિથિ નિમિત્તે | ૦૩ |
| | (૨) નિરાલી પંકજભાઈ મનસુખલાલ બાવિશી | અઠ્ઠાઈ તપ નિમિત્તે | ૦૪ |
| | (૩) કુ. અભિજ્ઞા અને કુ. સંજ્ઞા અતુલભાઈ શાહ | અઠ્ઠાઈ તપ નિમિત્તે | ૦૫ |
| | (૪) સ્વ. મીનાક્ષીબહેન પ્રકાશભાઈ શાહ | પુણ્યતિથિ નિમિત્તે | ૦૬ |
| સપ્ટેમ્બર-૦૫ | (૧) જયેશભાઈ હસમુખભાઈ શાહ | જન્મદિવસ નિમિત્તે | ૦૭ |
| | (૨) મોનાબહેન જયેશભાઈ શાહ | જન્મદિવસ નિમિત્તે | ૦૮ |
| | (૩) પલકબહેન મિતેષભાઈ શાહ | જન્મદિવસ નિમિત્તે | ૦૯ |
| સપ્ટેમ્બર-૦૭ | (૧) સ્વ. નટવરલાલ લલ્લુભાઈ ગાંધી | પુણ્યતિથિ નિમિત્તે | ૧૦ |
| | (૨) ચિ. ઉજાલી કલ્પેશભાઈ બાવિશી | જન્મદિવસ નિમિત્તે | ૧૧ |
| સપ્ટેમ્બર-૦૯ | (૧) શ્રીમતી ચંદ્રિકાબહેન પ્રવીણચંદ્ર દફતરી | અઠ્ઠાઈ તપ નિમિત્તે | ૧૨ |
| | (૨) સ્વ. કમળાબહેન જયંતિલાલ શાહ | પુણ્યતિથિ નિમિત્તે | ૧૩ |
| સપ્ટેમ્બર-૧૦ | (૧) સ્વ. હિંમતલાલ મણિલાલ શાહ | જન્મદિવસ નિમિત્તે | ૧૪ |
| | (૨) ડૉ. ચિરાગ પંકજભાઈ મનસુખલાલ બાવિશી | અઠ્ઠાઈ તપ નિમિત્તે | ૧૫ |
| | (૩) શ્રીમતી ભામિનીબહેન પંકજકુમાર બાવિશી | સળંગ ત્રીજી અઠ્ઠાઈ નિમિત્તે | ૧૬ |
| સપ્ટેમ્બર-૧૧ | (૧) સ્વ. કલાવતીબહેન ગુણવંતલાલ શાહ | પુણ્યતિથિ નિમિત્તે | ૧૭ |
| | (૨) સ્વ. ચંદ્રિકાબહેન મનુભાઈ શાહ | પુણ્યતિથિ નિમિત્તે | ૧૮ |
| | (૩) સ્વ.નિર્મળાબહેન હસમુખભાઈ શાહ | પુણ્યતિથિ નિમિત્તે | ૧૯ |
| સપ્ટેમ્બર-૧૨ | (૧) સ્વ. મધુકાન્તાબહેન બાબુલાલ શાહ | જન્મદિવસ નિમિત્તે | ૨૦ |
| | (૨) નલિનીબહેન કિશોરચંદ્ર શાહ | જન્મદિવસ નિમિત્તે | ૨૧ |
| સપ્ટેમ્બર-૧૩ | (૧) ચિરાગ ગજેન્દ્રભાઈ શાહ | જન્મદિવસ નિમિત્તે | ૨૨ |
| સપ્ટેમ્બર-૧૪ | (૧) સ્વ. રંભાબહેન પોપટલાલ બાવિશી | પુણ્યતિથિ નિમિત્તે | ૨૩ |
| સપ્ટેમ્બર-૧૫ | (૧) પોપટલાલ ભુદરભાઈ શાહ | જન્મદિવસ નિમિત્તે | ૨૪ |
| | (૨) સ્વ. નલિનીબહેન કિશોરચંદ્ર શાહ | પુણ્યતિથિ નિમિત્તે | ૨૫ |
| સપ્ટેમ્બર-૧૬ | (૧) સ્વ. કનૈયાલાલ | પુણ્યતિથિ નિમિત્તે | ૨૬ |
| | (૨) પ્રવીણચંદ્ર ધીરજલાલ શાહ | પુણ્યતિથિ નિમિત્તે | ૨૭ |

| | | | |
|---|---|---|---|
| સપ્ટેમ્બર-૧૮ | (૧) સ્વ. પ્રેમચંદભાઈ મણિલાલ શાહ (ઘડિયાળી) | પુણ્યતિથિ નિમિત્તે | ૨૮ |
| સપ્ટેમ્બર-૨૦ | (૧) સ્વ. લલીતાબહેન હસમુખભાઈ શાહ | પુણ્યતિથિ નિમિત્તે | ૨૯ |
| | (૨) શ્રીમતી ભામિનીબહેન અને પંકજભાઈ બાવિશી | સજોડે અઠ્ઠાઈ નિમિત્તે | ૩૦ |
| | (૩) સ્વ. સવિતાબહેન રજનીકાન્ત કોઠારી | પુણ્યતિથિ નિમિત્તે | ૩૧ |
| સપ્ટેમ્બર-૨૫ | (૧) સ્વ. વસંતભાઈ સુખલાલ શાહ | પુણ્યતિથિ નિમિત્તે | ૩૨ |
| સપ્ટેમ્બર-૨૬ | (૧) કાન્તિલાલ ખીમચંદભાઈ ડગલી | જન્મદિવસ નિમિત્તે | ૩૩ |
| | (૨) સ્વ. મંજુલાબહેન જયસુખભાઈ શાહ | જન્મદિવસ નિમિત્તે | ૩૪ |
| | (૩) સ્વ. હેમાંગીનીબહેન કમલેશભાઈ ફડિયા | પુણ્યતિથિ નિમિત્તે | ૩૫ |
| સપ્ટેમ્બર-૨૭ | (૧) રજનીકાન્ત પુંજાલાલ શાહ | જન્મદિવસ નિમિત્તે | ૩૬ |
| | (૨) સ્વ. નયનાબહેન શ્યામભાઈ ભટ્ટ (અમેરિકા) | પુણ્યતિથિ નિમિત્તે | ૩૭ |
| સપ્ટેમ્બર-૨૮ | (૧) સ્વ. મધુકાન્તાબહેન બાબુલાલ શાહ | પુણ્યતિથિ નિમિત્તે | ૩૮ |
| સપ્ટેમ્બર-૨૯ | (૧) સ્વ. ગુણવંતભાઈ લલ્લુભાઈ વોરા | પુણ્યતિથિ નિમિત્તે | ૩૯ |
| સપ્ટેમ્બર-૩૦ | (૧) જાહ્નવી ડૉ. વૃંદા - ડૉ. ચિરાંગ પંકજ બાવિશી | જન્મદિવસ નિમિત્તે | ૪૦ |
| **તારીખ** | **દાતાનું નામ** **ભાદરવો માસ** | **વિગત** | **ક્રમાંક** |
| સુદ-૦૩ | (૧) સ્વ. ચિનુભાઈ ખીમચંદભાઈ કોઠારી | પુણ્યતિથિ નિમિત્તે | ૦૧ |
| સુદ-૦૬ | (૧) શિવબહેન લાલચંદભાઈ બકેરી | પુણ્યતિથિ નિમિત્તે | ૦૨ |
| | (૨) સ્વ. રાજેશભાઈ જસવંતલાલ શાહ | પુણ્યતિથિ નિમિત્તે | ૦૩ |
| | (૩) વર્ષાબહેન નિરંજનભાઈ કુવાડિયા | સિદ્ધિતપ નિમિત્તે | ૦૪ |
| | (૪) સ્વ. કોકિલાબહેન મહેન્દ્રભાઈ મહેતા | પુણ્યતિથિ નિમિત્તે | ૦૫ |
| સુદ-૧૦ | (૧) સ્વ. કીર્તિકાન્ત વાડીલાલ શાહ | પુણ્યતિથિ નિમિત્તે | ૦૬ |
| સુદ-૧૩ | (૧) સ્વ. કંચનબહેન મનસુખલાલ શાહ | પુણ્યતિથિ નિમિત્તે | ૦૭ |
| સુદ-૧૫ | (૧) સ્વ. સુરજબહેન નંદલાલ ડગલી | પુણ્યતિથિ નિમિત્તે | ૦૮ |
| વદ-૦૪ | (૧) શારદાબહેન ધીરજલાલ શાહ | જન્મદિવસ નિમિત્તે | ૦૯ |

**મુલત્વી રાખેલ મેડિકલ કેમ્પ તા. ૨૪-૧૧-૨૦૧૯ રવિવાર -- વધુ માહિતી અગામી અંકમાં**


**કરણ કેટરર્સ -- રાકેશભાઈ ડગલી -- મો. ૯૯૭૪૯૩૬૧૮૦**



**SILVER LIGHT STUDIOS**

**ALL TYPE OF PHOTOGRAPHY & FILMS**

**WEB. :WWW.SILVERLIGHTSTUDIOS.IN**

**E-MAIL :HI@SILVERLIGHTSTUDIOS.IN**

**NIKHIL SHAH** 98250 60966 **MOXIT SHAH** 94291 30966

વિશાલભાઈ શાહ
૯૪૨૬૪ ૦૧૨૬૫

**હોલીડે યુનિવર્સ**

સિંગાપોર, મલેશીયા, થાઈલેન્ડ, બાલી, હોંગકોંગ, દુબઈ, નેપાળ, ભૂતાન, શ્રીલંકા, માલદીવ, ઈજીપ્ત મોરેશીયસ, ગ્રીસ વગેરે માટે ફેમિલી ટૂર તથા ગ્રુપ ટુર માટે સંપર્ક કરો. વિશ્વાસ પાત્ર ઓર્ગેનાઈઝર

એફએસ-૩ કુશ કોમ્પલેક્ષ, નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ ૩૮૦ ૦૧૩

# ચાલો સૌ સાથે મળીને પર્યુષણ પર્વ ઉજવીએ

✍ પંકજભાઈ બાવિશી

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વની આરાધનાના દિવસો દરમિયાન આપણા સમાજના સાધર્મિક પરિવાર ઘર ચલાવવાની ચિંતામાંથી મુક્ત થાય અને આ પાવનકારી દિવસો દરમિયાન થાય તે તપ-જપ અને આરાધના કરી કર્મ ખપાવવા પુણ્યનું ઉપાર્જન કરે તે હેતુથી સમાજના દાતાઓ પાસેથી મળેલ આર્થિક સહયોગ દ્વારા વિનામૂલ્યે જીવન જરૂરિયાતની ચીજ-વસ્તુઓ આપવામાં આવે છે. આથી આ દિવસો દરમિયાન રોજી-રોટી માટે આર્થિક ચિંતા કરવી ન પડે અને આપણી જેમજ પર્યુષણ પર્વની ઉજવણી કરે.

તા. ૨૩મી ઓગસ્ટના દિવસે સમાજના સાધર્મિક પરિવારને વિનામૂલ્યે જે ચીજ-વસ્તુ આપવામા આવી તે આ પ્રમાણે છે : (૧) લાડવા - ૫૦૦ ગ્રામ, (૨) ફૂલવડી - ૫૦૦ ગ્રામ, (૩) તેલ - ૧ લિટર, (૪) ચોખ્ખું ઘી - ૫૦૦ ગ્રામ, (૫) ખાંડ - ૧ કિલો, (૬) ગોળ - ૧ કિલો (૭) મગ - ૧ કિલો, (૮) ખડી સાકર - ૫૦૦ ગ્રામ, (૯) પાપડ - ૫૦૦ ગ્રામ, (૧૦) ચણા - ૧ કિલો, (૧૧) ગુંદર - ૨૦૦ ગ્રામ, (૧૨) ચોખા - ૫૦૦ ગ્રામ, (૧૩) વાલ - ૫૦૦ ગ્રામ, (૧૪) શ્રીફળ કાચલા - ૨ નંગ, (૧૫) સૂંઠ-ગંઠોડા ૧-૧ પેકેટ, (૧૬) આખું શ્રીફળ - ૧ નંગ, (૧૭) સંઘપૂજન રૂા. ૫૦, (૧૮) નાસ્તો.

છેલ્લા એક વર્ષથી જ્યારે જ્યારે સાધર્મિક પરિવારને ચીજ-વસ્તુ કે રાહત દરે ઘઉં કે ચોખા આપવાના હોય છે ત્યારે તે આવે અને વસ્તુ લઈને જતાં રહે. તેનું કામ ૧૫ થી ૩૦ મિનીટમાં થઈ જાય. કોઈ ભાષણ કે સમારંભ કરતા નથી, પરંતુ આ વખતે પહેલાંની જેમ બધાને બોલાવી બેસાડવામાં આવ્યા હતા, કારણ કે ડૉ. હિનાબહેન અને ડૉ. મેહુલભાઈ મશ્કારિયાની બન્ને દીકરીના સગપણ થયા તે નિમિત્તે લાડવા તેમના તરફથી હતા. આથી તેમના દ્વારા તથા દીકરીના હસ્તે સૌને પેકેટ આપવાના હોવાથી બધાને બેસાડવામાં આવ્યા હતા.

સૌ પ્રથમ પરમાત્માના ફોટા પાસે મશ્કારિયા પરિવાર દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ. ત્યારબાદ ફોટાને હાર પહેરાવી, ધૂપ પૂજા કરવામાં આવી. આ સમયે ટ્રસ્ટી પંકજભાઈ બાવિશી, મંત્રી યોગેશભાઈ કોઠારી, મંત્રી ફાલ્ગુનભાઈ દફતરી, સાધર્મિક વિભાગ સંભાળતા અલ્પેશભાઈ કોઠારી તથા અન્ય કારોબારી સભ્યશ્રીઓએ સાથ આપી ભક્તિભાવના કરેલ. મંત્રી શ્રી યોગેશભાઈ કોઠારીએ સર્વેનું સમાજ વતી સ્વાગત કર્યું હતું. ટ્રસ્ટીશ્રી પંકજભાઈ બાવિશીએ આજના પ્રસંગની વિશેષતા (મશ્કારિયા પરિવાર વિશે) અને સૌને આગોતરા "મિચ્છામી દુક્કડમ્" પાઠવી કહ્યું કે, આપની સેવાને કારણે મને ટ્રસ્ટીનો હોદ્દો મળેલ છે. આ પદ ગૌણ છે, પરંતુ સમાજ દ્વારા તમારી સેવાનો લાભ મળે છે તે મોટી વાત છે.

સાધર્મિક વિભાગ સંભાળતા અલ્પેશભાઈ કોઠારીએ જણાવ્યું કે, આપ સૌ પર્યુષણ પર્વ સારી રીતે કરી, થાય તેટલી તપશ્ચર્યા કરજો. ભલે હું તથા હેમંતભાઈ પરીખ આ વિભાગ સંભાળતા હોઈને પરંતુ દરેક વખતે જે દાન ભેગુ કરવાનું હોય છે તેમાં મહત્તમ મદદ પંકજભાઈ બાવિશી, યોગેશભાઈ કોઠારી અને ફાલ્ગુનભાઈ દફતરી કરે છે. પંકજભાઈ અને યોગેશભાઈ રોજ સમાજની ઓફિસમાં આવે છે અને તેઓ દાતાઓનો સંપર્ક કરી રકમ ભેગી કરી આપે છે.

વસ્તુ વહેંચણીના સમયે શ્રીફળના દાતા અનિલ કોકોનટ કંપનીવાળા અનિલભાઈ ભીખાભાઈ શાહ હાજર રહ્યા હતા. તેમણે આ વ્યવસ્થા જોઈ ખૂબ જ ખુશી વ્યક્ત કરી હતી અને જાહેર કર્યું હતું કે, મારા પુત્ર દર્શનભાઈની દીકરીના લગ્ન જાન્યુઆરી માસમાં છે. આથી દિવાળીના તહેવાર નિમિત્તે અમારા તરફથી સાધર્મિક પરિવારને મોં મીઠું કરાવજો. તેમની આ જાહેરાતને સૌ કોઈએ વધાવી લીધી હતી.

આ સમયે સમાજના ઉપપ્રમુખ અને ટ્રસ્ટી સંજયભાઈ કોઠારી પણ આવી પહોંચ્યા હતા. તેમણે પણ પ્રાસંગિક પ્રવચન કરી સર્વે સાધર્મિક પરિવારને શુભેચ્છા પાઠવી હતી. તેમનું એક મંતવ્ય એવું હતું કે, આપણાં સાધર્મિક પરિવારોને પગભર કરવા માટે કોઈ ચોક્કસ અને મજબૂત યોજના બનાવવી જોઈએ. આજના આ પ્રસંગે ટ્રસ્ટી પિયુષભાઈ બાવિશી, પ્રવાસ વિભાગના કલ્પેશભાઈ શાહ, મેડિકલ વિભાગના અતુલભાઈ શાહ, શિક્ષણ વિભાગના ભાવિનભાઈ શાહ, સરકારી યોજના અમલીકરણ વિભાગના કેતનભાઈ શાહ, આઈ. ટી. વિભાગના મનીષભાઈ શાહ વગેરે હાજર રહ્યા હતા. છેલ્લે ટ્રસ્ટીશ્રી મધુકરભાઈ ડગલી પણ આવી પહોંચ્યા હતા. વ્યવસ્થા જોઈ તેમણે આનંદ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે દાતા ડૉ. મેશુલભાઈ મશ્કારિયા, અનિલભાઈ શાહ તથા નવા ટ્રસ્ટી થયેલા પંકજભાઈ બાવિશી અને પિયુષભાઈ બાવિશીનું કુમકુમ તિલક અને મોતીની માળા પહેરાવી બહુમાન કરવામાં આવેલ. "શ્રી ઝાલાવાડ સમાજ દર્પણ" પત્રિકાના માહે ઓગસ્ટ-૨૦૧૯ના અંકના પાના નં. ૩૨ ઉપર પર્યુષણ પર્વ પર સાધર્મિક પરિવારને વિનામૂલ્યે આપવામાં આવનાર ચીજ-વસ્તુ માટે દાતાશ્રીઓ દ્વારા મળેલ દાનની વિગત આપવામાં આવી છે. તે પછી જે ઉમેરો થયો છે તેની વિગત નીચે પ્રમાણે છે. કાર્યક્રમનું સંચાલન ફાલ્ગુનભાઈ દફતરી દ્વારા કરવામાં આવ્યું હતું. છેલ્લે સાધર્મિક ભાઈ-બહેનોને માટે નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

રૂા. ૩,૧૦૦/- શાલીભદ્ર ડેકોરેશન હ. કિરણભાઈ-દેવાંગભાઈ

રૂા. ૩,૧૦૦/- અરિહંત ડેકોરેશન હ. મીતાબહેન મહેતા

રૂા. ૧,૩૦૦/- સ્વ. મંજુલાબેન જયંતિલાલ શાહ હસ્તે : મુકેશભાઈ

રૂા. ૧,૦૦૦/- કૈલાસભાઈ રમણલાલ

સૂંઠ અને ગંઠોડા - કુમ કુમ મસાલા પરિવાર -

શ્રીફળ અનિલ કોકોનટ કંપની

સર્વે દાતાશ્રીઓનો તથા આ કાર્યમાં સેવા આપનાર ઓફિસ સ્ટાફનો આભાર માનવામાં આવે છે.

## ઝાલાવાડ સમાજ એક નવું કદમ શરૂ કરે છે.

આપણાં સમાજમાં ઘણી વ્યક્તિઓ પોતાનો વ્યવસાય ધરાવે છે. તેમાં તેમને અલગ-અલગ કામ કરવા માટે ભાઈઓ તથા બહેનોની જરૂરિયાત હોય છે. જ્યારે સામી બાજુ સમાજમાં ઘણાં સભ્ય એવા છે કે જેને રોજગાર-નોકરીની જરૂરિયાત છે. આથી એવું વિચાર્યું છે કે, જેમને રોજગારી આપવી છે. અને જેને રોજગારીની જરૂરિયાત છે. તેવી માહિતી શ્રી ઝાલાવાડ સમાજ દર્પણની પત્રિકામાં આપવી. જેને માટે એક પાનાની ફાળવણી કરવી.

**આ માટે જે ફૉર્મેટ વિચાર્યુ છે તે આ પ્રમાણે છે.**

**રોજગાર આપનારની માહિતી**

(૧) દુકાન/ઓફીસ/કંપનીનું નામ :-

રોજગાર આપનારનું નામ :-

નોકરીની જગ્યાનો એરિયા :-

જે જગ્યા પર કામ કરવાનું છે તેનું નામ :-

કામનો પ્રકાર :-

કેટલો પગાર મળી શકશે :-

નોકરીનો અંદાજીત સમય :-

ભાઈની કે બહેનની જગ્યા છે. :-

સંપર્ક કરવા માટેનો મો.નંબર :-

**રોજગારીની જરૂરિયાત છે. તેની માહિતી**

પુરું નામ :-

કયાં એરિયામાં રહો છો ? :-

કેવું કામ કરી શકો ? :-

અપેક્ષિત પગાર :-

કામનો સમય લખો :-

કયાં પ્રકારનું વાહન છે ? :-

ઉંમર (જન્મતારીખ) :-

અભ્યાસની વિગત :-

કોમ્પ્યુટરનું જ્ઞાન છે. ? :-

સંપર્ક માટે મો.નંબર :-

**આ વિગત લખી સમાજની ઓફિર પર બંધ કવરમાં કાગળ આપવો.**

**કવર ઉપર "ઝાલાવાડ સમાજ રોજગાર યોજના" અવસ્ય લખવું.**

## સાંવત્સરિક ક્ષમાપના – મિચ્છામી દુક્કડમ્

**અમારા મન, વચન અને કાયા દ્વારા કોઈપણ પ્રકારે આપને દુઃખ પહોચ્યું હોય તો પેનથી નહી પ્રેમથી, હોઠ થી નહીં હૈયાથી, અક્ષરથી નહીં અંતરથી, શબ્દોથી નહી સ્નેહથી, ફક્ત વચન અને કાયાથી નહીં પણ મનથી આપ સૌને અમારા મિચ્છામી દુક્કડમ્**

| સીમાબહેન શાહ | ભામિનીબહેન બાવિશી | લીનાબહેન શાહ | શોભાબહેન નારિચાણિયા | રેખાબહન શાહ |
|---|---|---|---|---|
| પ્રમુખ | ઉપપ્રમુખ | મંત્રી | મંત્રી | ખજાનચી |

અને સર્વે કારોબારી સભ્યો – શ્રી ઝાલાવાડ મહિલા મંડળ

# ચાલો કચ્છની યાત્રાએ

✍ પંકજભાઈ બાવિશી

**"શિયાળે સોરઠ ભલો, ઉનાળે ભલો ગુજરાત, ચોમાસે વાગડ ભલો, કચ્છડો બારે માસ."**

આપણાં ઝાલાવાડ સમાજની યાત્રા પ્રવાસ કમિટી દ્વારા દર બે માસે એક-બે દિવસના પ્રવાસ યોજવામાં આવે છે. આ વખતે ચાર દિવસનો યાત્રા પ્રવાસ યોજવામાં આવેલ છે. જે સ્થળ પર જવાનું છે તેની ટૂંકમાં માહિતી નીચે પ્રમાણે છે :

(૧) શિવમસ્તુ તીર્થ માંડવી પાસે ૧૦ કિ.મી.ના અંતરે આવેલું સુંદર મજાનું જિનાલય અને ધર્મશાળા - ભોજનશાળાની વ્યવસ્થા છે. સમવસરણ ની રચના છે.

(૨) માતાનો મઢ એ આશાપુરા માતાજીનું મંદિર છે. કચ્છમાં ખૂબ જ મહત્ત્વનું સ્થળ છે. તેમનું સત ખૂબ જ છે. હજારો શ્રદ્ધાળુઓ કચ્છમાં આવી દર્શન કરવા પધારે છે.

(૩) દોણ એ હાઈવેથી થોડી અંદરની સાઈડ પર છે. કહેવાય છે કે, સોનાનું દહેરાસર છે. જેમ સોમનાથ અને અંબાજીને સોનાથી મઢવાની કાર્યવાહી હાલ ચાલુ છે.

(૪) ૭૨ જિનાલય - મૂળ નાયક આદિશ્વર દાદા - કચ્છનું કમનીય શણગાર બનેલ આ દેવ વિમાન તુલ્ય મહાતીર્થ છે. પરમ વંદનીય ગુણદેવસાગર સૂરિએ અંજનસલાકા કરાવેલી.

(૫) ભદ્રેશ્વરમાં કપિલ કેવલીના હસ્તે પાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠા થયેલ. આ સમયે અખંડ બ્રહ્મચારી વિજય શેઠ અને વિજયા શેઠાણી એ દીક્ષા લીધેલ. જગડુ શાહે જિર્ણોદ્ધાર કરાવેલ. ૬૧ સે.મી.ની મહાવીર સ્વામી પ્રભુની પ્રતિમા છે. ભૂકંપ પછી નૂતન જિનાલય બનાવવામાં આવ્યું છે.

(૬) તેરા તીર્થમાં ૬૮ સે.મી.ના શ્રી જીરાવાલા પાર્શ્વનાથ પ્રભુજી છે. સંપત્તિ મહારાજાના સમયની પ્રાચીન પ્રતિમા છે. કલાત્મક પટ જોવા જેવા છે. ૨૮ વર્ષ પહેલા પ.પૂ. ગુણસાગર સૂરિશ્વરજીના હસ્તે જીર્ણોદ્ધાર કરવામાં આવેલ.

(૭) કોઠારા તીર્થમાં શાંતિનાથ પ્રભુની ૯૦ સે.મી.ની પ્રતિમા છે. જિનાલયમાં આઠ શિખરો છે. શેત્રુંજયની કેશવજી નાયકની ટૂંકના નિર્માતા કેશવજી નાયક, વેલજી માલુ અને શિવજી નેણસીએ આ જિનાલય બંધાવેલ છે.

(૮) સુથરી તીર્થમાં ધૃતકલ્લોલ પાર્શ્વનાથ પ્રભુની ૩૦ સે.મી.ની પ્રતિમા છે. ત્રણ માળનું જિનાલય અને તેમાં ચમત્કારિક પ્રતિમાજી. ૧૫૦ વર્ષ જૂનું તીર્થધામ છે.

(૯) માંડવી બીચ ઉપર અજીતનાથ ભગવાનનું દેરાસર છે. અહિં સુપ્રસિદ્ધ માંડવી આશ્રમ પણ છે. અન્ય તીર્થમાં શાંતિનાથ, મહાવીર સ્વામી, ધર્મનાથ, શીતલનાથ, પાર્શ્વનાથ, અજિતનાથ ભગવાન મૂળનાયક તરીકે બિરાજમાન છે. દરિયા કિનારો છે.

(૧૦) ભચાઉ અને (૧૧) સામખીયાળી વગેરે તીર્થમા જવાનું અનુકૂળતા પ્રમાણે ગોઠવાશે.

## હવે યાત્રા-પ્રવાસની વિગત

(૧) તા. ૩૦ ઓકટોબરના રોજ રાત્રે ૧૨ કલાકે ૨X૨ બસમાં નીકળવાનું છે.

(૨) પ્રવાસના દિવસો તા. ૩૧ ઓકટોબરથી ૦૩ નવેમ્બર, કુલ દિવસ ૪ રહેશે.

(૩) સમાજના સભ્ય માટે માથાદીઠ રૂા. ૩,૦૦૦/- અને ગેસ્ટના વ્યક્તિદીઠ રૂા. ૩,૫૦૦/- રહેશે.

(૪) બુકિંગ કરાવવાની છેલ્લી તારીખ ૧૪ અને ૧૫ ઓકટોબર, સમય ૧૨-૦૦ થી ૬-૦૦ સુધી. સમાજની ઓફિસ પર

(૫) ૨X૨ બે બસ કુલ ૭૫ યાત્રિકની નોંધણી થયા બાદ વેઈટીંગમાં નામ લખવામાં આવશે.

(૬) સભ્યદીઠ એક ફોર્મ લેવામાં આવશે. પૂરી રકમ ભરવાની રહેશે.

(૭) કોઈ કારણસર નામ કમી કરાવશો અને અન્ય યાત્રિક મળશે તો રકમમાંથી ૧૦% કાપી પરત આપવામાં આવશે. અન્ય યાત્રિક નહિ મળે તો પૂરી રકમ પરત કરવામાં આવશે નહિ.

(૮) યાત્રા પ્રવાસમાં કોઈ જોખમ સાથે રાખવું નહિ. આખરી નિર્ણય વહિવટકર્તાનો રહેશે.

**યોગેશભાઈ આર. કોઠારી** — મંત્રી : ૯૩૨૭૦ ૮૬૬૭૪

**કલ્પેશભાઈ સી. શાહ - અલ્પેશભાઈ એમ. શાહ** — ૯૮૭૯૫ ૦૮૬૬૫ -- યાત્રા પ્રવાસ વિભાગ

**પંકજભાઈ એમ. બાવિશી** — ટ્રસ્ટી

## શ્રી વર્ધમાન તપની ૧૦૦ ઓળીના તપસ્વીની ભૂરિ ભૂરિ અનુમોદના







### તપસ્વીરત્ના શ્રી સરોજબહેન ચંદ્રકાન્તભાઈ શાહની

# જીવન-સમૃદ્ધિ

સુશ્રી સરોજબહેનનો જન્મ તા. ૨૯-૭-૧૯૪૬ના રોજ હળવદ ગામમાં થયો હતો. માતા-પિતા ધીરજબહેન લક્ષ્મીચંદ શાહના શુભ સંસ્કારથી નવ વર્ષની ઉંમરે વર્ધમાન તપનો પાયો નાંખેલ. જ્ઞાનપંચમી, પોષદશમી, છક્કાઈ, અટ્ઠાઈ જેવી તપસ્યા કરી. ભવ આલોચના કરી. વીસ સ્થાનક તપ એકાંતરે ઉપવાસ દ્વારા પૂરું કર્યું. સવિધિ આસો-ચૈત્રની ઓળીઓ અગણિત કરી. પર્યુષણના છઠ્ઠ-અઠ્ઠમ વારંવાર કર્યા. જ્ઞાનક્ષેત્રમાં ઓગણીસ વર્ષની ઉંમર સુધીમાં પાંચ પ્રતિક્રમણ, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રન્થ, વીતરાગ સ્તોત્ર, વૈરાગ્ય શતક, યોગશાસ્ત્ર, બૃહત્સંગ્રહણી, સિંદુરપ્રકર, તત્ત્વાર્થાધિગમસૂત્ર, સંસ્કૃતની પ્રથમ બુક ઈત્યાદિ વિશાળ અભ્યાસ સાથે ધાર્મિક પરીક્ષાઓ પણ ખૂબ આપી. દરેક પરીક્ષામાં આગલી હરોળના ઈનામો મેળવતા. સ્કૂલના અભ્યાસમાં પણ દશ નંબરની અંદરના નંબરે પાસ થતા. જ્ઞાનાચાર સાધના માટે પૂ. અક્ષયચન્દ્રસાગરસૂરિ ભગવંતના વરદ્ હસ્તે ઉપધાન તપની માળ પણ પહેરી. જીવન વિકાસમાં આગળ વધતા ત્રીસ વર્ષની ઉંમરે વર્ધમાન તપની છટ્ઠી ઓળીથી શુભારંભ કર્યો.

સંસાર જીવનમાં બે પુત્રો - ૧ પુત્રી. વધુમાં વહુઓનું પણ ધ્યાન રાખવા સાથે ઓળી કરતા. ઠંડી - ગરમીથી માંડી સ્નેહીઓના વિરહ સુધીના ઘણાં ઘણાં કષ્ટોએ ઓળીમાં ડોકિયા કર્યા, કષ્ટો ઘણા ઉઠ્યા છતાં ઓળીમાં કોઈ જ બાંધ-છોડ ન કરી. ક્યારેક પોરિસીએ આયંબિલ કરવું પડ્યું, તો ક્યારેક અવડ્ડુના પચ્ચકખાણે, છતાં હિંમત ન હાર્યા. મક્કમ મને અફર નિર્ણયે ઓળી પૂર્ણ કરતા ૧૦૦મી ઓળીના પારણાનો દિવસ આવી ગયો. ધન્ય છે આ માતાની સાહસિકતાને ધન્ય છે આ માતાના તપ - પ્રેમને...

તપસ્વીરત્ના સરોજબહેન ચંદ્રકાન્તભાઈ આત્મારામ શાહ પરિવાર સુપુત્ર કલ્પેશભાઈ, પુત્રવધુ ધરાબહેન અને પૌત્ર રાહિલ, બીજા સુપુત્ર વિશાલભાઈ, પુત્રવધૂ દીશાબહેન, પૌત્રી જિનલ, પુત્રી તોરલબહેન મિહિરભાઈ શાહ, દોહિત્ર ધ્રુવલ અને કૈવલ. પરિવાર આ મહાન તપશ્ચર્યા પૂરી થવા બદલ શાસન દેવ અને શાસન દેવીના આશીર્વાદ પ્રત્યે વંદન કરી રહ્યાં છે. સમાજ પણ આ તપસ્વીરત્નાની ભૂરિ ભૂરિ અનુમોદના કરે છે તેમના પરિવાર તરફથી રૂ. ૧૦,૦૦૦ તેજસ્વી વિદ્યાર્થી બહુમાન, રૂ. ૧૦,૦૦૦ તપસ્વી બહુમાનમાં ભેટ મળેલ છે. સમાજ તેમના પરિવારનો આભાર માને છે.



## સગપણ નિમિત્તે શુભેચ્છા

આપણાં સમાજના સભ્ય દક્ષાબહેન શાહના સુપુત્ર નિસર્ગનું સગપણ હિતેષકુમાર મનુભાઈ શાહની સુપુત્રી ડિમ્પી સાથે થયેલ છે. આ શુભ પ્રસંગ નિમિત્તે દક્ષાબહેન તરફથી રૂ. ૫૦૧ કેળવણી, રૂ. ૫૦૦ સાધર્મિક, રૂ. ૫૦૦ ફોટાના, રૂ. ૧૦૧ લાગાના કુલ રૂ. ૧૬૦૨ અને હિતેષકુમાર તરફથી રૂ. ૫૦૧ કેળવણી, રૂ. ૫૦૦ સાધર્મિક, રૂ. ૫૦૦ ફોટાના, રૂ. ૧૦૧ લાગાના કુલ રૂ. ૧૬૦૨ આમ બન્ને પક્ષના મળી કુલ રૂ. ૩૨૦૪ સમાજને ભેટ મળેલ છે. સમાજ બન્ને પરિવારનો આભાર માની શુભેચ્છા પાઠવે છે.

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



આપણા સમાજનાં સભ્ય શ્રી જયસુખભાઈ ઈન્દુલાલ શાહ (વિરિષ્ઠ પત્રકાર, સંદેશ)નું દુઃખદ આકસ્મિક અવસાન તા. ૧૨-૦૯-૨૦૧૮નાં રોજ થયેલ. તેમનો જન્મ સુરેન્દ્રનગર-દુધરેજ ખાતે તા. ૦૫-૧૧-૧૯૩૮ના રોજ થયેલ. પિતા સ્વ. ઈન્દુલાલ મોતીલાલ શાહ અને માતા સ્વ. સવિતાબેન ઈન્દુલાલ શાહ પાસેથી મળેલા સુસંસ્કાર અને આજીવન કાર્યરત રહેલા શ્રી જયસુખભાઈ સમગ્ર ગુજરાતનાં અગ્રગણ્ય પત્રકારોમાંનાં એક હતા. સતત ૫૭ વર્ષ સુધી એક જ સંસ્થા ''સંદેશ'' દૈનિકમાં કામગીરી કરનારા તેઓ ભારત દેશનાં એકમાત્ર પત્રકાર હતાં. પોતાના સમગ્ર જીવન દરમિયાન અસંખ્ય લોકોની નિઃસ્વાર્થ મદદ કરનારા અને સત્ય માટે લડનારા શ્રી જયસુખભાઈએ ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી સ્વ. શ્રી જીવરાજભાઈ મહેતાની લઈને હાલનાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સાથે કામ કરેલ છે. પોતાની લાંબી કારકિર્દી દરમિયાન સમગ્ર પત્રકારત્વ ક્ષેત્રે અનેકવિધિ એવોર્ડ જીતનાર તથા ગુજરાત સરકારની વિવિધ કમિટીઓ અને વિભાગોમાં કામગીરી કરનાર શ્રી જયસુખભાઈ સાચા અર્થમાં આપણા સમાજનું ગૌરવ હતાં. તેમનાં અવસાન અંગે દુઃખ વ્યક્ત કરતા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સહીત અસંખ્ય મહાનુભાવોએ પણ શોકાંજલિ પાઠવી હતી. ઝાલાવાડ સમાજે પણ તેઓને ભાવભરી અંજલી અર્પણ કરેલ હતી.

તેમનાં ભાઈઓ શ્રી હર્ષદભાઈ, શ્રી વિનોદભાઈ, બહેનો સર્યૂબેન કપાસી, રૂપાબેન ગાંધી, પુત્રો આશિષભાઈ, સુનિલભાઈ, પુત્રવધુઓ નંદિતાબેન, નિરજાબેન અને પૌત્રો આદિત્ય, રોહત તથા પૌત્રી પ્રાંજલ અને પૌત્રવધુ વિદૂષી તેમની વાર્ષિક પુણ્યતિથિએ અંજલિ અર્પણ કરે છે. તેમના સુપુત્ર સુનિલભાઈ તરફથી તેમની પુણ્યતિથિ તા. ૧૨મી સપ્ટેમ્બરના રોજ સાર્વજનિક દવાખાનાના તિથિ-૧ માટે રૂ. ૭,૫૦૦ ભેટ મળેલ છે. સમાજ તેમના પરિવારનો આભાર માને છે.



## તપસ્વીની ભૂરિ ભૂરિ અનુમોદના



આપણાં સમાજના સભ્ય દેવેન્દ્રભાઈ હિંમતલાલ શાહના પુત્રવધુ દીશા દર્શનકુમાર શાહએ સોળભથ્થું અને જમાઈ શ્રીપાળભાઈએ અઠ્ઠાઈતપની આરાધના કરી તે નિમિત્તે રૂ. ૨,૦૦૦ સાધર્મિક વિભાગમાં ભેટ મળેલ છે. સમાજ બન્ને તપસ્વીની ભૂરિ ભૂરિ અનુમોદના કરે છે.



## ખૂબ ખૂબ અભિનંદન

આપણાં સમાજના સભ્ય સુનિલભાઈ જે શાહના સુપુત્ર રોહન સુનિલભાઈ શાહ C.A. Finalની પરીક્ષામા ઊત્તિર્ણ થયેલ છે. આ ખુશીના પ્રસંગે તેમના પરિવાર દ્વારા આપણાં સમાજ દ્વારા ચાલતા સાર્વજનિક દવાખાનાની તિથિ -૧ (તા. ૧૯-૦૩-૧૯૯૭, રોહનનો જન્મદિવસ) માટે રૂ. ૭,૫૦૦ ભેટ મળેલ છે. સમાજ રોહનની આ સફળતા માટે ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે. પરિવારનો આભાર માને છે.

## અનુમોદના...... અનુમોદના...... અનુમોદના.....





મૂળ રાણપુરના વતની હાલ અમદાવાદ રહેતા આપણાં સમાજના સભ્ય શશીકાન્તભાઈ અમૃતલાલ શાહ (મોદી)એ વર્ધમાન તપની ૫૫મી ઓળી તેમજ તેમના ધર્મપત્ની અ.સૌ. પ્રેમીલાબહેને વર્ધમાન તપની ૮૦મી ઓળી સુખ-શાતાપૂર્વક દેવ-ગુરૂ ની તથા શાસનની કૃપાએ પૂર્ણ કરેલ છે. તેઓ છેલ્લા ૧૦ વર્ષથી પાલિતાણા ક્ષેત્રે પર્યુષણ સુધીના સમય માટે ચોમાસુ કરે છે. આ પચાસ દિવસ દરમ્યાન આયંબિયલની તપસ્યા કરે છે. સમાજ આ બન્ને તપશ્વીઓની ભૂરિ ભૂરિ અનુમોદના કરે છે. સાથોસાથ વર્ધમાન તપની ૧૦૦ ઓળી સજોડે પૂર્ણ કરે તેવી શુભ ભાવના ભાવે છે. તેમના તરફથી રૂ. ૨,૦૦૦ સમાજને ભેટ મળેલ છે. સમાજમાં સજોડે ૫૦ ઓળીપૂર્ણ કરવનાર કદાચ તેઓ પહેલાં દંપતી હશે.

## વધાઈહો......વધાઈહો......

✍ પંકજભાઈ બાવિશી



કંકણપુર (હાલનું ચુડા)ના વતની માતુશ્રી સુશ્રી શાન્તાબેન અને સુશ્રાવક શ્રેષ્ઠિશ્રી મનસુખલાલ ગુલાબચંદ બાવિશી ને ત્રણ પુત્રો. અનુક્રમે ડૉ.મહેનભાઈ, વિપિનભાઈ અને પંકજભાઈ બાવિશી (આપણાં સમાજના ટ્રસ્ટી અને શ્રી ઝાલાવાડ સમાજ દર્પણના તંત્રી) જ્યારે ત્રણ પુત્રીઓમાં અનુક્રમે હંસાબહેન વસંતલાલ વોરા, નિલમબહેન મનોજભાઈ રાજપરિયા અને ભારતીબહેન મહેશભાઈ શાહ

વચેટ પુત્ર વિપિનભાઈ બાવિશી અને તેમના ધર્મપત્ની વર્ષાબહેન. વિપિનભાઈ વર્ષો સુધી મેડિકલ-દવાના ક્ષેત્રમાં કામ કરી નિવૃત થયા છે. જ્યારે સુશ્રી વર્ષાબહેન ગૂજરાત વિદ્યાપીઠમાં વર્ષો સુધી ફરજ બજાવ્યાબાદ નિવૃત જીવનમાં તપસ્યાં કરે છે. આ દંપતીને બે પુત્ર રત્ન છે. જેમાં મોટાપુત્ર પાર્થના લગ્ન સુશ્રી કરૂણા સાથે થયા. તેમને જીયા નામે પુત્રી છે જે હાલ ધો.૮માં અભ્યાસ કરે છે. પાર્થ સેલફોન ક્ષેત્રની વિદેશી કંપનીમાં ફરજ બજાવે છે અને સુશ્રી કરૂણા સ્કૂલમાં કર્મયોગી છે.

હવે વાત કરીશું આ લેખના મુખ્ય વ્યક્તિની અને તે છે, વિપિનભાઈના નાના પુત્ર નામ ડૉ. હાર્દિક બાવિશીની. તેના શુભ વિવાહ સુશ્રી અંકિતા સાથે થયા છે. તેમને હાલ ધ્વનિ નામે પાંચ વર્ષની એક ચુલબુલી બાળકી છે. ચિ.હાર્દિક બાવિશીએ પહેલા એમ.બી.એ કર્યું જેમાં તે ગોલ્ડમેડાલીસ્ટ છે. ત્યારબાદ તેણે "મેનેજમેન્ટ" વિષય પર પી.એચડી કરી ડૉકટરેટની પદવી મેળવી. "મન શાંન્તિ" પરિવારનું "બાવિશી પરિવાર"નું તથા આપણાં ઝાલાવાડ સમાજનું ગૌરવ વધારેલ છે. હાર્દિક બાવિશી હાલ પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે. અને તેમના અધાંગિની સુશ્રી અંકિતા બેન્કમાં કામ કરી રહ્યાં છે

ડૉ.હાર્દિક બાવિશીએ મેળવેલ પી.એચડીની ડીગ્રીના અનુસંધાને આપણાં સમાજને યાદ કરી સાર્વજનિક દવાખાનાની તિથિ-૧ (તા.૧લી સપ્ટેમ્બર)માટે રૂ.૭,૫૦૦ સમાજને ભેટ આપેલ છે. સમાજ તેણે મેળવેલ આ સિધ્ધિ માટે ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે. અને વિપિનભાઈ બાવિશી પરિવારનો આભાર માને છે.

## શુભલગ્ન નિમિત્તે આશીર્વાદ



આપણાં સમાજના સભ્ય મેહુલભાઈ નરેન્દ્રભાઈ શાહના સુપુત્ર વિહારના શુભલગ્ન નીરજભાઈ શાન્તિલાલ શાહની સુપુત્રી દેવાંશી સાથે થયા. આ શુભ પ્રસંગ નિમિત્તે મેહુલભાઈ તરફથી રૂ.૫૦૦ કેળવણી, રૂ.૫૦૦ સાધર્મિક, રૂ.૫૦૦ ફોટાના, રૂ.૧૦૧ લાગાના કુલ રૂ.૧૬૦૧ તથા નીરજભાઈ તરફથી રૂ.૫૦૦ કેળવણી, રૂ.૫૦૦ સાધર્મિક, રૂ.૫૦૦ ફોટાના, રૂ.૧૦૧ લાગાના કુલ રૂ.૧૬૦૧ આમ બન્ને પક્ષ તરફથી કુલ રૂ.૩૨૦૨ સમાજને ભેટ મળેલ છે. સમાજ બન્ને પરિવારનો આભાર માની, નવદંપતીને આશીર્વાદ પાઠવે છે.

## ભૂરિ ભૂરિ અનુમોદના

તપસ્વી અજયભાઈએ કરેલ તપશ્ચર્યા નિમિત્તે સમાજને યાદ કરી ભાનુબહેન રસિકલાલ ધ્રુવ, હસ્તે- શિતલબહેન અજયભાઈ ધ્રુવ તરફથી રૂ.૫૦૦૦ સમાજના સાધર્મિક વિભાગમાં ભેટ મળેલ છે. સમાજ તેમના પરિવારનો આભાર માની તપસ્વી અજયભાઈ તથા તેમણે કરેલા તપની ભૂરિ ભૂરિ અનુમોદના કરે છે.

# BIO-DATA



**Name** : **Shah Abhishek Mukeshkumar**
(Shree Zalawadi Dasha Shrimali Dehra Wasi Swetamber Murtipujak Jain)

**Native** : Lakhtar, Dist, Surendranagar

**Address** : Z-104, Swaminarayan Park Part-1, B/h, Vasna Police Station, Vasna, Ahmedabad - 380007

**Mobile No** : 7698002033

**Age & Birth Date** : 25 Years & 17-02-1994

**Birth Time & Palece**: 20-51 - Ahmedabad

**Height** : 5' - 8"

**Weight** : 70 Kg.

**Hobby** : Cricket

**Education** : 1) B.E. Civil 2) Charter Engineer 3) Master Of Valuation

**Occupation** : 1) Property Valuer
2) Engineer T.D.O. Ahmedabad Muncipal Corp.
3) Clerk of Work T.D.O Ahmedabad Muncipal Corp.

**Income** : 10 Lakhs / Annum

**TruStee** : Shree Premvardhak Devas Swetamber Murti Pujak Jain, Sangh, Vasna

**Father's Name** : Shah Mukeshkumar Vallabhdas
Mo. 76980 02033

**Mother's Name** : Shah Shilaben Mukeshbhai

**Uncle's Name** : Shah Surendrabhai Vallabhdas
Kolsawala Paldi - Ahmedabad
Mo. 95125 95126

**Mosal** : Shah Nareshbhai Shantilal
(Muli - Dist. - Surendranagar)
Kankariya, Ahmedabad.

**No. Of Brother** : One - Younger

**No. Of Sister** : One - Younger

---

**ડૉ. આશ્કા અને ડૉ. યશ**

## ખૂબ ખૂબ શુભેચ્છાઓ

**ડૉ. આસ્થા અને ડૉ. શ્રેણુજ**



ડૉ. હિનાબહેન અને ડૉ. મેહુલભાઈ વિનોદભાઈ મસ્કારિયાની
તેજસ્વી દીકરીઓ ડૉ. આશ્કા અને ડૉ. આસ્થાની સગાઈ
કરવામાં આવી છે.
**ડૉ. આશ્કા મેહુલભાઈ મસ્કારિયા**
